## સરકારી માધ્યમિક શાળાઓ અને બિનસરકારી માધ્યમિક શાળાઓના શિક્ષણ સહાયક ભરતી–૨૦૨૪

## બંને ભરતીમાં કામચલાઉ શાળા ફાળવણી (Provisional School Allotment) થયેલ હોય તેવા ઉમેદવારો માટેની સૂચના

**તા.૧૬/૦૭/૨૦૨૫**

રાજ્યની સરકારી માધ્યમિક શાળાઓ તથા બિનસરકારી અનુદાનિત માધ્યમિક શાળાઓમાં શિક્ષણ સહાયક ભરતી- 2024 અન્વયે રાજ્યના નિયત લાયકાત ધરાવતા વધુમાં વધુ ઉમેદવારો શિક્ષણ સહાયક તરીકે જોડાઈ શકે તે હેતુથી ઉમેદવારોએ આપેલ શાળા પસંદગી અનુસાર તેઓને મેરીટ કમ પ્રેફરન્સ મુજબ તા.૧૬/૦૭/૨૦૨૫ના રોજ કામચલાઉ શાળા ફાળવણી (Provisional School Allotment) કરવામાં આવેલ છે. જેમાં કેટલાક ઉમેદવારોને સરકારી માધ્યમિક શાળાઓ અને બિનસરકારી અનુદાનિત માધ્યમિક શાળાઓના મેરીટ કમ પ્રેફરન્સ મુજબ બંને ભરતીમાં શાળા ફાળવણી થયેલ છે. આ ઉમેદવારોને બંને ભરતીમાંથી જે ભરતી અનુકૂળ હોય તે ભરતીમાં હાજર થવા માટે **તા.૧૯/૦૭/૨૦૨૫**ના રોજ ઓનલાઈન સંમતિ આપવાની રહેશે અને પસંદગી કરેલ ભરતી સિવાયની ભરતીમાંથી ઉમેદવારીનો હક જતો કરવાનો રહેશે.

કામચલાઉ શાળા ફાળવણીમાં સમાવેશ થવાથી નિમણૂકનો હક પ્રસ્થાપિત થતો નથી.

બંને ભરતીમાં કામચલાઉ શાળા ફાળવણી થયેલ હોય તેવા ઉમેદવારોએ જે ભરતીની ઉમેદવારી હક જતો કરવા માટે સંમતિ આપેલ હશે તે ભરતીમાંથી બાદ કરી; બાકી રહેલ ઉમેદવારોને મેરીટ–કમ–પ્રેફરન્સ મુજબ શાળા ફાળવણીનો લાભ આપી FINAL ALLOTMENT કરવામાં આવશે. જે મુજબ FINAL ALLOTMENTમાં ફળવાયેલ શાળામાં ઉમેદવારોને નિમણૂક આપવા અંગે કાર્યવાહી કરવામાં આવશે.

**સરકારશ્રીનો ક્રમિક ભરતીનો ઉદ્દેશ્ય સિધ્ધ કરી શકાય,તેમજ રીપીટિશન અટકાવી મહત્તમ ઉમેદવારોને ભરતીમાં સમાવી શકાય તે હેતુથી ઉપરોક્ત સૂચવેલ પ્રક્રિયા મુજબ જે ઉમેદવારોએ હાજર થવા માટેની કોઇ પણ એક ભરતીની ઓનલાઈન પસંદગી આપેલ નહીં હોય તેવા ઉમેદવારોને અત્રેથી ભરતી પસંદગી સમિતિ દ્વારા એક ભરતીમાં શાળા ફાળવવામાં આવશે અને અન્ય ભરતીની શાળા રદ કરવામાં આવશે તે સ્વીકારવાનું રહેશે. ત્યારબાદ આ બાબતે કોઈ લેખિત કે મૌખિક રજુઆત ધ્યાને લેવામાં આવશે નહીં.**